# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **"સમુદ્ર સે સમૃધ્ધિ" તક કાર્યક્રમ હેઠળ રાજ્યના એક દિવસના પ્રવાસ દરમિયાન 32 હજાર કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ આપનારા પ્રધાનમંત્રીને મોડી સાંજે વિદાય અપાઇ.**
2. **સહકારી સંસ્થાઓની સાધારણ સભામાં હાજરી સહિત મુખ્યમંત્રી અમરેલીમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.**
3. **ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સના ટોલ્યુએન ડાયસોસાયનેટ પ્લાન્ટને હંગામી ધોરણે બંધ કરાયો.**
4. **રાજ્યમાં ગઇકાલે દિવસ દરમિયાન 104 તાલુકામાં વરસાદ વરસ્યો.**
5. **પાણી વ્યવસ્થાપનમાં સાબરકાંઠાનું "તખતગઢ" ગામ રાજ્યનું શ્રેષ્ઠ ગામ બન્યું.**
6. **એશિયા કપ T20 ક્રિકેટ મેચમાં ભારત પાકિસ્તાન સામે ટકરાશે.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM RETURN

એક દિવસના રાજ્યના પ્રવાસે આવેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ગઇકાલે મોડી સાંજે વિદાય આપવામા આવી હતી. રાજ્યપાલ, મુખ્યમંત્રી અને ભાજપના પ્રદેશ પ્રમુખ તેમજ કેન્દ્રીય મંત્રી સી આર પાટીલે તેમને વિદાય આપી હતી.

એક દિવસના પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાવનગરમાં "સમુદ્ર સે સમૃદ્ધિ" કાર્યક્રમ દરમિયાન રાજ્યને 32 હજાર કરોડ રૂપિયાથી વધુની અનેક પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરીને રાજ્યને ભેટ આપી હતી.

ભાવનગર બાદ પ્રધાનમંત્રીએ અમદાવાદ નજીક આવેલા પ્રાચીન શહેર લોથલની મુલાકાત લઈ રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલના કામની સમીક્ષા કરી. તેમણે નિર્માણાધિન કાર્યોનું નિરીક્ષણ કરી અને અધિકારીઓ સાથે એક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા પણ કરી. પ્રધાનમંત્રીએ ધોલેરા સ્માર્ટ સિટીનું હવાઈ નિરીક્ષણ પણ કર્યું.

# CHOTAUDEPRU FOUR LANE

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે NH-56 હાઈવેનો જબુગામથી ધામેશિયા સુધીનો 38.290 કિલોમીટરના ફોરલેન રોડનુ પ્રધાનમંત્રીએ ગઇકાલે ભાવનગરથી વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત કર્યું હતું...

આ નવો ચારમાર્ગિય રોડ સ્ટેચ્યુ ઓફ યુનિટી, અંકલેશ્વર, નેત્રંગ, વાપી સાથે જોડતો NH-56નો જબુગામથી ધામેશિયા સુધીનો નવો ફોરલેન માર્ગ 1188.48 કરોડના ખર્ચે બનશે.

બોડેલીથી ફેરકુવા રહી મધ્યપ્રદેશને જોડતો હાઈવે તેમજ બોડેલીથી પાવાગઢ સુધી હાઈવેનું પણ ટૂંક સમયમાં કામ શરુ થનાર છે ત્યારે છોટાઉદેપુર જિલ્લા તેમજ બોડેલી વિસ્તારને રોડ રસ્તા તેમજ બ્રીજને લઇ પીડાતા જિલ્લવાસીઓને ખુબ મોટી રાહત મળશે. તેમ છોટાઉદેપુરના સાંસદ જશુભાઇ રાઠવાએ કહ્યું હતું.

(બાઇટ- જશુભાઇ રાઠવા , સાંસદ , છોટાઉદેપુર)

## CM IN AMRELI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં આજે અમરેલી જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાશે. શ્રી પટેલ અમર દાણ ફેક્ટરી ખાતે અમરેલી જિલ્લાની વિવિધ સહકારી સંસ્થાઓની સાધારણ સભામાં ઉપસ્થિત રહેશે.

લોહાણા મહાજન વાડી ખાતેથી વરિષ્ઠ નાગરિકોનો અનુકંપા ફાઉન્ડેશન દ્વારા આયોજિત સોમનાથ - દ્વારકા તીર્થ પ્રવાસના કાર્યક્રમમાં બસોને લીલીઝંડી આપશે. અમરેલીના ટાવર ચોક ખાતે સ્વદેશી ઝુંબેશના કાર્યક્રમમાં હાજર રહેશે આ સાથે બેડમિન્ટન કોર્ટની મુલાકાત લઈ રમતવીરોને પ્રોત્સાહિત કરીને તેમની સાથે સંવાદ પણ કરશે.

# CM ON AWARDS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહ પૂરો થયો. વર્ષ ૨૦૨૩માં રજૂ થયેલાં ગુજરાતી ચલચિત્રોના શ્રેષ્ઠ કલાકાર અને કસબીઓને રાજ્ય સરકાર દ્વારા પારિતોષિક એનાયત કરાયા.

આ સમારોહમાં વિવિધ કેટેગરીના ૪૩ જેટલા પુરષ્કાર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રવાસનમંત્રી મુળુ બેરા સહિત અનેક પદાધિકારીઓની હાજરીમાં આપવામાં આવ્યા. શ્રી પટેલે સમારોહમાં કહ્યું કે, પ્રધાનમંત્રીના દિશાદર્શનમાં વિકાસનું રોલ મોડલ બનેલું ગુજરાત ફિલ્મ ઉદ્યોગનું પણ હબ બની રહ્યું છે.

ભારત વિશ્વની ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનવા તરફ આગળ વધ્યું છે તેમાં ફિલ્મ અને કલા જગતના સ્ટાર્ટઅપ્સનું પણ મહત્વનું યોગદાન છે.

# GNFC TDI

ભરૂચના દહેજ  સ્થિત ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ GNFC ભારતમાં બે TDI ટોલ્યુએન ડાયસોસાયનેટ પ્લાન્ટને ગેસ લિકેજની ઘટનાને કારણે હંગામી ધોરણે બંદ કરવામાં આવ્યો છે.

કંપની દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર વાર્ષિક 50 હજાર ટનની ઉત્પાદન ક્ષમતા ધરાવતા આ પ્લાંટને સાવચેતીની ભાગરૂપે 19 સપ્ટેમ્બરના રોજ સર્જાયેલા ગેસ લીકેજને કારણે અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યો

હતો. તેમજ જાનમાલનું કોઇ નુકસાન નહીં થયું હોવાનું કંપની દ્વારા જાહેર કરાયું છે.

## IIM DUBAI CENTER

IIM અમદાવાદનું પહેલુ સેન્ટર દુબઇ ખાતે શરૂ કરાયું છે. IIM અમદાવાદના નિદેશક ડોક્ટર ભારત ભાસ્કરે કહ્યું કે, આ આંતરરાષ્ટ્રીય કેન્દ્રના આરંભને પરિણામે ભારત અને દુબઇનો વ્યવસાયિક અને શૈક્ષણિક સંબંધ વધુ ઉંચાઇ પ્રાપ્ત કરશે.

(બાઇટ- ડો.ભારત ભાસ્કર, નિદેશક, IIM અમદાવાદ)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

………………………………

# PM MODI MOVIE REVIEWW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી એક સપ્તાહ સુધી "ચલો જીતે હૈ" ફિલ્મ રાજ્યના દરેક સિનેમાગૃહમાં નિઃશુલ્ક દર્શાવવામાં આવી રહી છે. દર્શકો આ ફિલ્મથી પ્રેરણા લઈ તેની પ્રશંસા કરી રહ્યા છે.

(BYTE- DIPAK BHATT- PERSON)

# GST REFORMS

વસ્તુ અને સેવા કર- GST પરિષદે કર માળખામાં ઘટાડાના નિર્ણયને રાજ્યભરમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. આ નિર્ણયથી અનેક વસ્તુઓના ભાવમાં ઘટાડો થશે અને લોકને લાભ થશે. GST પરિષદના આ નિર્ણય અંગે પ્રતિક્રિયા આપી.

(BYTE: NIMESH MAHETA- અધ્યક્ષ ગ્રેઇન મર્ચન્ટ એસો.)

# STATE RAIN

ગઇકાલે દિવસ દરમિયાન રાજ્યભરમાં ભારે વરસાદ વરસ્યો હતો. આજે સવારે છ વાગે પૂરા થતાં 24 કલાકમાં 104 તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેમાં

નર્મદાના નાંદોદ તાલુકામાં સૌથી વધુ સાડા ચાર ઇંચ, બોડેલીમાં સાડા ત્રણ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો.

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે આવતીકાલે દક્ષિણ-ઉત્તર અને મધ્ય ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે.

## TAKHATGADH GAM

સાબરકાંઠાનું "તખતગઢ" ગામ પાણી વ્યવસ્થાપનમાં રાજ્યનું શ્રેષ્ઠ ગામ પ્રસ્થાપિત થયું છે. અંદાજે એક હજાર 500 લોકોની વસતિ અને 300 જેટલા ઘર ધરાવતા આ ગામમાં પાણી સમિતિની સક્રિય લોકભાગીદારી, ગ્રામ પંચાયત અને પાણી અને સ્વચ્છતા વ્યવસ્થાપન સંસ્થા – વાસ્મોના સહકારથી ઘરોમાં 24 કલાક અને સાતે-સાત દિવસ મિટર સાથે પાણી વિતરણની સુવિધા ઉપલબ્ધ છે. સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)

*(ગ્રામજનોની સક્રિયતા અને રાજ્ય સરકારના સહકારથી તખતગઢ ગામે "રાષ્ટ્રીય જળ પુરસ્કાર," શ્રેષ્ઠ ગ્રામ પંચાયત, નિર્મળ ગ્રામ સહિત વિવિધ કુલ છ પુરસ્કાર પ્રાપ્ત કરીને મારૂં ગામ આદર્શ ગામની સંકલ્પના સાકાર કરી છે. આગામી સમયમાં ગામના 100 ટકા ઘરમાં વરસાદી પાણીના ભૂગર્ભ ટાંકા બનાવવાનો પણ નિર્ધાર કરાયો છે. પાણી સમિતિ દ્વારા ગામમાં લોક-ફાળો અને લોક-ભાગીદારીથી પાણીની ટાંકી, સમ્પ, પાઇપલાઇન અને 300 જેટલા ઘરમાં વૉટર મીટરના કામ હાથ ધરાયા છે. આજે ગામમાં પાણી વેરાની 100 ટકા વસૂલાત થઈ ગઈ છે. પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

# ASIA CUP

દુબઇમાં આજે એશિયા કપ T20 ક્રિકેટ મેચમાં ભારત પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8:00 વાગ્યે શરૂ થશે.

ટૂર્નામેન્ટમાં બંને ટીમો વચ્ચે આ બીજી મેચ હશે. અગાઉ મેચમાં ભારતે પાકિસ્તાન પર સાત વિકેટથી શાનદાર વિજય મેળવ્યો હતો. આજની મેચની વિજેતા ટીમ ફાઇનલ માટે દાવેદાર બનશે.

# MORBI - GARABA

મોરબીમાં સાત વ્યવસાયિક સહિત 571 સ્થળે નવરાત્રિનું આયોજન કરાયું છે. મહોત્સવમાં લોકોની સુરક્ષા માટે ત્રણ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક, 16 પોલીસ ઇન્સ્પેક્ટર અને 22 પોલીસ સબઇન્સ્પેક્ટર સહિત 530 જેટલા પોલીસ જવાન તહેનાત રહેશે.

આ અંગે જિલ્લા પોલીસ વડા મુકેશ પટેલે વધુ માહિતી આપી.....

(બાઈટ: મુકેશ પટેલ, જિલ્લા પોલીસ વડા મોરબી)

---